# કોંગ્રેસને હાર દેખાવવા લાગી ગઈ છે : મોદીના તીવ્ર પ્રહાર

**નરેન્દ્ર મોદીએ ભ્રષ્ટાચાર, મોંઘવારી, બેરોજગારીના મુદ્દા ઉઠાવ્યા : સોનિયા ગાંધી હવે બિનસાંપ્રદાયિકવાદના બદલે ઘોર સાંપ્રદાયિકતાની વાત કરી રહ્યા છે : સોનિયા ગાંધી સામે પગલાઓ લેવાની નરેન્દ્ર મોદીની માંગણી**

ગાઝિયાબાદ,તા. ૩

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ આજે પણ આક્રમક પ્રચારનો દોર જારી રાખ્યો હતો અને કોંગ્રેસ ઉપર ભ્રષ્ટાચાર,



મોંઘવારી, બેરોજગારીના મુદ્દા પર તેજાબી પ્રહાર કર્યા હતા. મોદીએ એક સાથે અનેક સભાઓને સંબોધી હતી. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર મોદીએ ગાઝિયાબાદમાં રેલીને સંબોધતા આક્ષેપ કર્યો હતો કે, સોનિયા ગાંધી સાંપ્રદાયિકતા ફેલાવવાના પ્રયાસ કરી રહ્યા છે. તેમના વિભાજનની સ્થિતિ સર્જાવી નહીં તેવી અપીલ સોનિયા ગાંધીએ મુસ્લિમ નેતાઓને કરીને તમામને ચોંકાવી દીધા છે. આ સંદર્ભમાં ચૂંટણી પંચને કાર્યવાહી કરવી જોઈએ. સોનિયા ગાંધીએ જામા મસ્જિદના શાહી ઈમામ સઈદ અહેમદ બુખારી સાથે વાતચીત કરી હતી અને ઘણા મુદ્દા પર ચર્ચા કરી હતી. મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસને હાર દેખાવા લાગી છે જેના પરિણામ સ્વરુપે હવે તેમનો નારો હવે ધર્મ નિર્પેક્ષતા અથવા તો બિનસાંપ્રદાયિકવાદથી દૂર થઈને સાંપ્રદાયિક થઈ ગયો છે.

સાંપ્રદાયિકતાના આધાર પર મત માંગવાની બાબત ચૂંટણી પંચના નિયમની વિરુદ્ધમાં છે કારણ કે, ચૂંટણીની જાહેરાત કરવામાં આવી ચુકી છે. મોદીએ દિલ્હી નજીક ગાઝિયાબાદ ઈન્દિરાપુરમમાં ભાજપના ઉમેદવારની તરફેણમાં એક જનસભાને સંબોધી હતી. તેમણે કહ્યું હતું કે, ૨૪ કલાક પસાર થઈ ગયા હોવા છતાં મિડિયામાં અહેવાલ આવી ચુક્યા છે. ગૌતમ બુદ્ધનગર નોઈડાના ભાજપના ઉમેદવાર માટે પણ મોદીએ મત માંગ્યા હતા. જો કે, તેઓ આ નગરમાં પહોંચ્યા ન હતા. અહીં એવી માન્યતા રહી છે કે, જે નેતા આ નગરમાં પહોંચે છે તે નેતા પોતાની સ્થિતિ ગુમાવી દે છે. નરેન્દ્ર મોદીએ આજે જુદી જુદી જગ્યાઓએ રેલી સંબોધીને મોંઘવારી, ભ્રષ્ટાચાર અને બેરોજગારીની વાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, રોજગારી આજે મુખ્ય મુદ્દો છે. વિકાસ વગર રોજગારીની તકો સર્જાશે નહીં. કોંગ્રેસ ઉપર ખોટા વચનો આપવાનો મોદીએ આક્ષેપ કર્યો હતો અને લોકો સાથે વર્ષોથી છેતરપિંડી કરવામાં આવી રહી છે.

# વારંવાર ચહેરા બદલતા લોકો વિશ્વાસપાત્ર નથી જ : સોનિયા

**બિહારમાં ભાજપ-નીતિશ પર આકરા પ્રહાર : કોંગ્રેસ વિકાસ કોમી એકતા ઈચ્છે છે : મનમોહનસિંહ સરકારે બધા વચનો પાળી બતાવ્યા હોવાનો દાવો કરાયો**

સસારામ,તા. ૩

કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધીએ પણ આક્રમક પ્રચારનો દોર સતત બીજા દિવસે જારી રાખ્યો હતો. બિહારના સસારામમાં સોનિયા ગાંધીએ ભાજપ અને બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, સમય સમયે તેમના ચહેરા બદલાતા રહ્યા છે. તેઓ લોકોના ક્યારેય સાચા મિત્રો બની શકે નહીં. લોકસભાના અધ્યક્ષ મીરાકુમાર અને કોંગ્રેસના ઉમેદવાર માટે પ્રચાર કરવાના હેતુસર આવેલા સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, દેશ હવે પરીક્ષામાંથી પસાર થઈ રહ્યો છે. સમય સમયે ચહેરા બદલી રહેલા લોકો ક્યારેય સાચા મિત્રો હોઈ શકે નહીં. પોતાની નબળાઈઓને છુપાવવાના પ્રયાસ કરવામાં આવે છે. સોનિયા ગાંધીએ ૧૫ મિનિટના ભાષણમાં અનેક મુદ્દા ઉઠાવ્યા હતા. તેમની ખુરશી બચાવવા માટે લોકોની આંખોમાં ધૂળ નાંખી રહ્યા છે. લોકતંત્ર કો મુઠ્ઠી મેં કરના ચાહતે હૈ. બિહારમાં સોનિયા ગાંધીએ જોરદાર રીતે ચૂંટણી પ્રચાર કર્યો હતો. ગાંધીએ નીતિશકુમારના નામનો ઉલ્લેખ કર્યા વગર તેમની પણ ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, કેટલાક લોકો તેમની નિષ્ફળતા બતાવવા અન્યો પર દોષારોપણ કરી રહ્યા છે. મનરેગા, રાઈટ ટુ એજ્યુકેશન, ફુડ સિક્યુરિટી લો, જમીન અધિગ્રહણ કાયદા જેવા ઐતિહાસિક નિર્ણય યુપીએ સરકાર દ્વારા લેવામાં આવ્યા છે. સોનિયા ગાંધીએ છેલ્લા દસ વર્ષમાં મનમોહનસિંહ સરકાર દ્વારા કરવામાં આવેલી કામગીરીની પ્રશંસા કરી હતી અને કહ્યું



હતું કે, આ ગઠબંધન સરકારે ૨૦૦૪ અને ૨૦૦૯માં આપેલા તમામ વચનો પાળી બતાવ્યા છે.

**અટકાયતીઓ મતદાન કરી શકે છે**

# કેદીઓ મતદાન કરી શકે નહીં : ચૂંટણી પંચનો દાવો

હૈદરાબાદ, તા.૩

અપરાધી અને અંડર ટ્રાયલ હેઠળ રહેલા કેદી એમ બંને કેદીઓ ચૂંટણીમાં મતદાન કરી શકે નહીં. આ મુદ્દાને ભારતીય ચૂંટણી પંચે ફરી એકવાર રજૂ કર્યો છે પરંતુ કેદીઓના મતદાનના અધિકારના સંદર્ભમાં જેલના અધિકારીઓમાં પણ ભારે ગૂંચવણભરી સ્થિતિ છે. અધિકારીઓ આ બાબત સાથે સહમત છે કે અપરાધીઓ મતદાન કરી શકે નહીં પરંતુ જ્યાં સુધી અંડર ટ્રાયલ કેદીઓની વાત છે. જેલના અધિકારીઓનું કહેવું છે કે જો તેઓ ઈચ્છે તો તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકે છે. જો કે જેલના અધિકારીઓની રજૂઆત છે કે હજુ સુધી કોઈપણ ચૂંટણીમાં અંડર ટ્રાયલ કેદીઓએ મતદાન કર્યુ હોય તેવા કોઈ દાખલા દેખાયા નથી. કેટલાક અપવાદરૂપ કિસ્સા ચોક્કસપણે બનેલા છે. ગૂંડા એક્ટ, નેશનલ સિક્યુરિટી એક્ટ, કન્ઝરવેશન ઓફ ફોરેન એક્સચેન્જ હેઠળ અટકાયતમાં લેવામાં આવેલા લોકો જેલમાંથી તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકે છે.

જેલમાં મતદાન પેપર અટકાયતીઓને મોકલવામાં આવે છે અને તે આ પેપર મતદાન કર્યાબાદ જેલ વિભાગ દ્વારા ફરી રિટર્નિંગ ઓફિસરને મોકલવામાં આવી શકે છે. અંડર ટ્રાયલ હેઠળ રહેલા લોકો તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકે નહીં. ૨૦૧૪ ચૂંટણીના સંદર્ભમાં ધારાધોરણમાં આ મુજબની વાત કરવામાં આવી છે. જો કે આમા દુવિધાભરી સ્થિતિ રહેલી છે. મતદાન ઓળખકાર્ડના આધાર ઉપર અધિકારીઓ ચૂંણી અધિકારીઓ તથા રિટર્નિંગ ઓફિસરને આ અંગે જાણ કરશે. ત્યારબાદ મતપત્રો મોકલવામાં આવશે. અંડર ટ્રાયલને લઈને દુવિધાને દૂર કરવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. સામાન્ય ચૂંટણી ૨૦૧૪ના ચેપ્ટર ૪૩માં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે અંડર ટ્રાયલ કેદીઓ અને લોકો જે જેલમાં છે તેઓ મતદાનનો ઉફયોગ કરી શકશે નહીં.

# ઉત્તરપ્રદેશમાં ટ્રેન દુર્ઘટનામાં બેના મોત

સોનભદ્ર,તા.૩

ઉત્તરપ્રદેશના સોનભદ્રમાં કટની પેસેન્જર અને વારાણસી શક્તિગનર ઈન્ટરસીટી વચ્ચે ટક્કર થવાથી બે લોકોના મોત થયા હતા અને અન્ય ૨૦ લોકો ઘાયલ થઈ ગયા હતા જે પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી હતી. અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોને ઓબરા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઓબરા ડેમ રેલવે સ્ટેશન નજીક થયેલી આ દુર્ઘટનામાં અનેકની હાલત ગંભીર થઈ છે. બુધવારે મોડી રાત્રે પોણા બાર વાગે આ બનાવ બન્યો હતો. બનાવના એક કલાક બાદ રાહત કામગીરી હાથ ધરી શકાઈ હતી. બચાવ કામગીરીના ભાગરુપે મોટી મશીનરીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. એમ્બ્યુલન્સ બોલાવીને ૨૦થી વધુ લોકોને જુદી જુદી હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા હતા. સિગ્નલ ફેલ થઈ જવાના કારણે આ બનાવ બન્યો હતો. રાત્રે આશરે ૧૦ વાગે ચોપનથી નિકળીને કટની મધ્યપ્રદેશ તરફ જતી પેસેન્જર ટ્રેન સિગ્નલ



નહીં થવાના કારણે એકાએક ઓબરા ડેમ સ્ટેશનની નજીક ઉભી રહી ગઈ હતી. આ ગાળા દરમિયાન ચોપનથી ઓબરા માટે રવાના થયેલી વારાણસી-શક્તિનગર ઈન્ટરસીટી પણ એજ ટ્રેક ઉપર આવી ગઈ હતી અને પેસેન્જર ટ્રેનને જોરથી ટક્કર મારી દીધી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે બે ડબ્બા પાટા ઉપરથી ઉતરી ગયા હતા. એન્જિન સહિત ઈન્ટરસીટીના ડબ્બા એક બીજા ઉપર ચડી ગયા હતા. બનાવ બાદ યાત્રીઓમાં બૂમાબૂમ મચી ગઈ હતી. આસપાસના લોકો ઘટનાસ્થળે આવી ગયા હતા. આશરે એક કલાક સુધી કોઈપણ અધિકારી પહોંચી શક્યા ન હતા. આશરે સવા એક વાગે હાઈમાસ્ટ અને ગેસ કટરની સાથે રાહત ટુકડી પહોંચી હતી ત્યાં સુધીમાં બે લોકોના મોત થઈ ગયા હતા. એમ્બ્યુલન્સ બોલાવીને ૨૦ લોકોને હોસ્પિટલ ખસેડ્યા હતા. આ દુર્ઘટના બાદ ચોપન-સિંગરોલી રેલવે માર્ગ ઉપર ટ્રેન સેવા ખોરવાઈ ગઈ હતી. દુર્ઘટનાગ્રસ્ત ડબ્બાને અલગ કરીને પેસેન્જર અને ઈન્ટરસીટીને રવાના કરવામાં આવી હતી. ટ્રેન સેવા ટ્રેક ઉપર પુનઃ શરૂ કરવા કલાકોનો સમય લાગ્યો હતો. કાંતિ પેસેન્જર ટ્રેન વારાણસી-શક્તિનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ ખાતે ટકરાઈ ગઈ હતી. રેલવે અધિકારીઓ બનાવની જાણ થયાં બાદ તરત જ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને ઊંડી તપાસ હાથ ધરી હતી. બે ટ્રેનો ટકરાવાના સંબંધમાં કારણ જાણી શકાયું નથી પરંતુ આ બનાવના કારણે મોટી દુર્ઘટના પણ ટળી ગઈ છે. રેલવે દ્વારા સમગ્ર મામલામાં ઊંડી તપાસ હાથ ધરાઈ છે. ઈજાગ્રસ્ત થયેલા યાત્રીઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે જે પૈકી અનેકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. મૃત્યુ પામેલા યાત્રીઓની ઓળખ અંગે હજુ માહિતી અપાઈ નથી.

## સમાચાર ઝલક

- આવકવેરાના સ્લેબમાં ફેરફાર નહિ થાય, વયમર્યાદા ૬૫ થી ઘટાડી ૬૦ની કરાશે, સિનિયર સિટીઝનો માટે નવા અંદાજપત્રમાં દરખાસ્ત.
- રાજકોટની પંજાબ નેશનલ બેંકમાં રૂા. ૧૪ કરોડનાં કૌભાંડનો સૂત્રધાર સૂરતમાંથી પકડાયો.
- મંત્રીથી લઇને પંચાયતનો સભ્ય ચૂંટણી એજન્ટ બની શકે નહી : ચૂંટણીપંચ.
- ૧ રૂપિયામાં વિમાનની ટિકીટ યોજના પર પ્રતિબંધ.
- ચૂંટણી નજીક હોવાથી વિમાનઘરો તથા અન્ય સ્થળો પર આવકવેરાની ટીમો તેયાર.
- રાજયના પાણી પુરવઠા મંત્રી બાબુભાઇ બોખિરિયાને મુળુ મોઢવાડિયાની હત્યાના આરોપી બનાવવા સામે સુપ્રીમ કોર્ટનો ઇન્કાર.
- રિઝર્વ બેંકે બે ખાનગી બેંકને લાયસન્સ આપ્યા, એડીએજી તથા આદિત્ય બિરલા અને બજાર જૂથને મંજુરી મળી.
- રશિયન પ્રમુખ પુતિને છૂટાછેડા લીધા, ક્રેમલીનનું સમર્થન કર્યું.
- દિલ્હીમાં અમેરિકન દૂતાવાસમાં અનેક ગોરખધંધા ઝડપાયા.
- છત્તીસગઢની મહાસમંદ બેઠક પર ભાજપ ઉમેદવાર સામે સમાન નામ ધરાવતાં ૧૦ ઉમેદવારો ચૂંટણી જંગમાં.
- રિઝર્વ બેંકના નિર્ણયથી હીરાઉદ્યોગમાં જોરદાર ચમક આવશે, ગેરંટીનો પ્રતિબંધ દૂર થયો.
- એપ્રિલ-મે માસમાં પરીક્ષા ક્રિકેટમેચ તથા ચૂંટણીનો માહોલ જામશે.
- દેશના મુસલમાનોમાં પાકિસ્તાની મીડિયા ભય ફેલાવી રહ્યું છે.
- ચાંદખેડામાં ૧૩મા માળેથી યુવક પટકાતાં મોતને ભેટયો.
- અમરેલી જિલ્લામાં વધુ બે સિંહ વાહનની અડફેટે આવતા મોતને ભેટ્યા, ત્રણ માસમાં ૧૧ સિંહો મોતને શરણે.
- મુંબઇમાં તાજહોટલ નજીક ૩૨ બોરના ૧૬ જીવતા કારતૂસ મળતાં ખળભળાટ.
- ફિલ્મ અભિનત્રી રાખી સાવંત ચૂંટણી ફોર્મમાં પોતે અભણ અને તેની પાસે રૂપિયા ૧૫ કરોડની સંપત્તિ દર્શાવી.
- સોનું ખરીદવાનો અત્યારે ઉત્તમ સમય ચાલી રહ્યો છે, પંદર દિવસમાં ૧૫૦૦ રૂપિયા ઘટ્યા.
- પ્રદીપ શર્માની અરજી હાઇકોર્ટે ફગાવી દીધી.
- ગુજરાતમાં હોમ લોનમાં ૫૫% નો ઘટાડો નોંધાયો.
- અંબાજીમાં અંબાજી મંદિર પરથી હેલિકોપ્ટર ઉડાડતા નહીં, રાજકીય પછડાટનાં ભયની માન્યતા.
- ચૈત્રી નવરાત્રી દરમિયાન ૮મી એપ્રિલે પુષ્ય નક્ષત્ર અને રામનવમી અનેકક્ષેત્રે ફળદાઈ બનશે.
- હર કોઇ પોતાનું આંગણું સ્વચ્છ રાખશે તો દુનિયા આપોઆપ ચોખ્ખી થઇ જશે : અભિષેક કુમારજી

# સહારાની નવી દરખાસ્ત સુપ્રીમ કોર્ટે ફગાવી

નવી દિલ્હી,તા.૩

સહારાગ્રુપે તેના વડા સુબ્રતા રોય અને તેના બે ડિરેક્ટરોને જામીન અપાવવા માટે ૧૦૦૦૦ કરોડ રૂપિયા જમા કરાવવાની સ્થિતિમાં



હોવાનો ઈન્કાર કર્યો હતો. સહારા ગ્રુપે કહ્યું છે કે, હાલમાં તે આટલી રકમ જમા કરવાની સ્થિતિમાં નથી. તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટે કસ્ટડીમાંથી સુબ્રતા રોયને છોડી મુકવાની તૈયારી બતાવી હતી પરંતુ રોકડ અને બેંક ગેરન્ટીમાં ૧૦૦૦૦ કરોડ રૂપિયા જમા કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. સહારાના ચેરમેન રોયની ૨૮મી ફેબ્રુઆરીના દિવસે ધરપકડ કરવામાં આવી હતી. ચોથી માર્ચ બાદથી તેઓ જેલમાં છે. ગ્રુપ અને સેબી વચ્ચે લાંબા સમયથી ચાલતી કાયદાકીય લડતમાં તિરસ્કાર સુનાવણી વેળા તેઓ કોર્ટમાં ઉપસ્થિત થવામાં નિષ્ફળ રહ્યા હતા. સહારા ગ્રુપે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે રોયની જામીન માટે ૧૦૦૦૦ કરોડ રૂપિયા જમા કરવાની સ્થિતિમાં તે નથી. બીજી બાજુ સહારા ગ્રુપે સુબ્રતા અને અન્ય બે મૂડીરોકાણકારોના જામીન માટે આજે સુપ્રીમ કોર્ટમાં એક નવી દરખાસ્ત રજૂ કરી હતી. જો કે, આ દરખાસ્તને પણ સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. સહારાના વડાના વકીલે ન્યાયમૂર્તિ કેએસ રાધાકૃષ્ણનન અને ન્યાયામૂર્તિ જેએસ કેહરની બનેલી પીઠ સમક્ષ કહ્યું હતું કે, સહારા ગ્રુપ વચગાળાની જામીન માટે જરૂરી ૧૦૦૦૦ કરોડ જમા કરવાની સ્થિતિમાં નથી. કંપનીએ દરખાસ્ત રજૂ કરી હતી કે, ૨૫૦૦ કરોડ રૂપિયા તાકિદે જમા કરવાનીને ૨૫૦૦ કરોડ રૂપિયા બીજા સુબ્રતાના જામીન ઉપર છુટી ગયાના ૨૧ દિવસની અંદર જમા કરવામાં આવશે. જો કે, સુપ્રીમ કોર્ટે આ દરખાસ્તને ફગાવી દીધી હતી.

## દિલ્હી-શિરડીની વચ્ચે વિશેષ સુપરફાસ્ટ ટ્રેન


મુંબઈ,તા. ૩

ઉનાળાની રજાઓને ધ્યાનમાં લઈને યાત્રીઓના ધસારાને પહોંચી વળવાના હેતુસર શિરડી અને નવી દિલ્હી વચ્ચે ૨૬ સાપ્તાહિક એસી સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેનો દોડાવવાનો રેલવે દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. રેલવેના પ્રવક્તાએ કહ્યું છે કે, ટ્રેન નંબર ૦૪૦૧૧ સાપ્તાહિક એસી સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દર શુક્રવારે ચોથી એપ્રિલથી ૧૦ વાગે સાંઈનગર શિરડીથી રવાના થશે અને આગલા દિવસે ૮.૧૫ વાગે નવીદિલ્હી પહોંચશે. ચોથી એપ્રિલથી આ ટ્રેન શરૂ કરવામાં આવ્યા બાદ ૨૭મી જૂન સુધી આ ટ્રેન દોડાવવામાં આવશે. બીજી બાજુ ટ્રેન નંબર ૦૪૦૧૨ સાપ્તાહિક એસી સુપરફાસ્ટ દર બુધવારે ૧૧.૫૫ વાગે નવી દિલ્હીથી રવાના થશે અને આગલા દિવસે ૧.૧૫ વાગે શિરડી પહોંચશે.

# ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી શકે : પવાર

મુંબઈ,તા. ૩

વર્ષ ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીમાં મતદાનના પ્રથમ રાઉન્ડ આરે ગણતરીના પાંચ દિવસ રહ્યા છે ત્યારે એનસીપીના પ્રમુખ શરદ પવારે આજે કહ્યું હતું કે, ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી શકે છે પરંતુ એનડીએને ૨૭૨ બેઠક મળી શકશે નહીં. પવારે કહ્યું હતું કે, ભાજપ તેના અગાઉના દેખાવમાં સુધારો કરી શકે છે. બીજા નંબર ઉપર કોંગ્રેસ રહેશે. જો કે, પવારે એવો અભિપ્રાય આપ્યો હતો કે, એનડીએ જાદુઈ આંકડા સુધી પહોંચી શકશે નહીં. પડોશી રાયગઢ જિલ્લામાં ચૂંટણી સભાને સંબોધ્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા પવારે કહ્યું હતું કે, હાલમાં જે સ્થિતિ છે તે દર્શાવે છે કે,



ભાજપ તેના દેખાવને સુધારી શકે છે. પવારના આ નિવેદનથી તર્ક વિતર્કોનો દોર શરૂ થયો છે. જો કે, કોંગ્રેસે હજુ સુધી આ સંદર્ભમાં પોતાની પ્રતિક્રિયા આપી નથી. મહારાષ્ટ્રના સંદર્ભમાં વાત કરતા પવારે કહ્યું હતું કે, જો કોંગ્રેસ-એનસીપી મોરચાને ૩૨થી ૩૫ બેઠક મળશે તો કોઈને આશ્ચર્ય થશે નહીં. જોરદાર પ્રચારના અનુસંધાનમાં એનસીપી દ્વારા વધુ સારો દેખાવ કરવામાં આવી શકે છે. મોદી ઉપર પ્રહાર કરતા પવારે કહ્યું હતું કે, ઈતિહાસમાં તેમની જાણકારી ખુબ ઓછી છે. વર્ધામાં મોદીએ કહ્યું હતું કે, ભારત છોડોની ચળવળની શરૂઆત અહીંથી થઈ હતી.

# નવી બેંક ૫૦૦૦ જોબની તક ઊભી કરી શકે

**નવા બેંક લાઈસન્સ મળવાથી મોટાપાયે રોજગારીની તકો ઉભી થશે : અહેવાલમાં દાવો**

નવી દિલ્હી, તા.૩

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા નવા બેંક લાઈસન્સ આપવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. દરેક નવી બેંકને ૫૦૦૦ જેટલી નોકરીની તકો ઊભી કરવી પડશે. ૧૫૦૦થી ૫૦૦૦ જેટલી નવી નોકરીની તકો દરેક નવી બેંકમાં ૧-૨ વર્ષના ગાળામાં ઊભી થશે. આની સાથે જ લોકોને મોટો ફાયદો થઈ શકે છે. આરબીઆઈએ ચૂંટણી પંચે લીલીઝંડી આપ્યા બાદ માઈક્રો ધિરાણદાર બંધન ફાઈનાશિયલ સર્વિસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ ફાઈનાશિયલ કંપની (આઈડીએફસી)ને લાઈસન્સ આપી દીધા છે.

આગામી થોડાક મહિનાઓમાં વધુ કંપનીઓને બેક લાઈસન્સ આપનાર છે. ગ્રામીણ વિસ્તારમાં અથવા તો ટાયર-૨ અને ૩ શહેરોમાં કામ કરતી બેંકોને વધારે નોકરીની તકો ઊભી કરવી પડશે. વધુ બેન્કીંગ લાઈસન્સ આપવાની પ્રક્રિયા શરૂ થઈ ગયા બાદ હવે લોકોને બેંક ખાતાઓ ખોલાવવા માટે વધારે મહેનત કરવી પડશે નહીં. બેંકો વચ્ચે લોકોને ખેંચવા માટે ભારે સ્પર્ધા થશે. આના કારણે એસબીઆઈ, પંજાબ નેશનલ બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી બેંક અને અન્ય મોટી બેંકોને પણ તેમની સેવામાં વધારે સુધારો કરવો પડશે. કારણ કે ઝડપથી નવી કંપનીઓને બેન્કીંગ લાઈસન્સ મળી ગયા બાદ આ કંપનીઓ પણ કસ્ટમરોને આકર્ષિત કરવા માટે મહત્વપૂર્ણ પહેલ કરી શકે છે. આવી સ્થિતિમાં ગ્રાહકો અન્યત્ર ખેંચાઈ શકે છે. દરેક નવી બેન્કીંગ કંપની ૫૦૦૦ જેટલી નવી તકો ઊભી કરશે. આરબીઆઈએ શરૂઆતમાં ૨૭ અરજીઓ મળી હતી.

મોડેથી ટાટા સન્સ અને અન્યો ખસી ગયા હતા જેથી બેંક લાયસન્સ મેળવવા માટે હવે ૨૫ કંપનીઓ મેદાનમાં છે જેમાં ઈન્ડિયા પોસ્ટ, આઈએફસીઆઈ, અનિલ અંબાણી ગ્રુપ અને આદિત્ય બિરલા ગ્રુપનો સમાવેશ થાય છે. બજાજ ફાઈનાન્સ, મૂથુટ ફાઈનાન્સ, રેલીગર એન્ટરપ્રાઈઝ અને શ્રીરામ કેપિટલનો સમાવેશ થાય છે.

# મુશર્રફની હત્યાનો વધુ એક પ્રયાસ થયો : ભારે ચકચાર

ઈસ્લામાબાદ,તા.૩

દેશદ્રોહના મામલામાં ટ્રાયલનો સામનો કરી રહેલા પાકિસ્તાનના ભૂતપૂર્વ લશ્કરી શાસક પરવેઝ મુશર્રફની હત્યા કરવાનો પ્રયાસ આજે કરવામાં આવ્યો હતો. જો કે, આ હુમલામાં મુશર્રફ સહેજમાં બચી ગયા હતા. તેમના કાફલા ઉપર હુમલો કરવાનો પ્રયાસ કરાયો હતો. તેમનો કાફલો માર્ગમાંથી પસાર થાય તેના પહેલા જ બોમ્બ બ્લાસ્ટ થયો હતો. મળેલી માહિતી મુજબ આર્મી હોસ્પિટલથી મુશર્રફના રુટ ઉપર આ બોમ્બ પ્લાન્ટ કરવામાં આવ્યો હતો. મુશર્રફ ઈસ્લામાબાદના પરા વિસ્તારમાં આવેલા તેમના આવાસ ઉપર રહી રહ્યા છે. આ બ્લાસ્ટમાં કોઈને પણ ઈજા થઈ ન હતી. કોઈપણ આતંકવાદી સંગઠન અથવા તો અન્ય કોઈએ હુમલા માટેની જવાબદારી સ્વીકારી નથી. પોલીસ દ્વારા સમગ્ર મામલામાં ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, બ્રિજની નીચે પાઈપલાઈનની ચાર કિલોગ્રામ વિસ્ફોટક સામગ્રી મુકવામાં આવી હતી. ભૂતપૂર્વ પ્રમુખનો કાફલો આ સ્થળથી પસાર થાય તેના ૨૦ મિનિટ પહેલા જ બ્લાસ્ટ થયો હતો. પોલીસે કહ્યું છે કે, મુશર્રફને વૈકલ્પિક રુટ મારફતે તેમના આવાસ ઉપર લઈ જવામાં આવ્યા હતા. ઈસ્લામાબાદ પોલીસ માટેના પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે, બ્લાસ્ટ થયા બાદ સમગ્ર મામલામાં પોલીસ અને સુરક્ષા દળોએ પોતાની રીતે તપાસ હાથ ધરી હતી અને શકમંદોને પકડી પાડવાના પ્રયાસો હાથ ધરાયા હતા. મુશર્રફને ટાર્ગેટ બનાવવાનો મુખ્ય ઈરાદો હતો. વર્ષ ૧૯૯૯થી ૨૦૦૮ વચ્ચેના ગાળામાં પાકિસ્તાનના પ્રમુખ તરીકે રહી ચુકેલા મુશર્રફ ગયા વર્ષે માર્ચ મહિનામાં સ્વરીતે લાદવામાં આવેલા દેશનિકાલથી પરત ફર્યા હતા. સામાન્ય ચૂંટણી લડવા ઈરાદાથી તેઓ પરત ફર્યા હતા પરંતુ તેમને ચૂંટણીમાં ભાગ લેવાથી રોકી દેવામાં આવ્યા હતા.